# આભારપત્ર : મુંદરા-ગાંધીનગર એસ.ટી. બસ રદ થવા બાબતે થયેલી ત્વરિત અને સકારાત્મક કાર્યવાહી બદલ આભાર વ્યક્ત કરવા બાબત.

પ્રતિ,
વિભાગીય નિયામકશ્રી,
GSRTC, ભુજ.

વિષય: મુંદરા-ગાંધીનગર એસ.ટી. બસ રદ થવા બાબતે થયેલી ત્વરિત અને સકારાત્મક કાર્યવાહી બદલ આભાર વ્યક્ત કરવા બાબત.

આદરણીય સાહેબશ્રી,
સવિનય જણાવવાનું કે, ગત તા. ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ ટેટ (TET) ની પરીક્ષા આપવા માટે મેં તથા અન્ય મહિલા મુસાફરોએ ૧૦ દિવસ અગાઉથી મુન્દ્રા-ગાંધીનગર સ્લીપર કોચમાં બુકિંગ કરાવ્યું હતું. પરંતુ, યાંત્રિક ખામીના કારણે આ બસ રદ થતા અમારે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ બાબતે મારા દ્વારા કરવામાં આવેલી રજૂઆતને ધ્યાને લઈ, આપના વહીવટી તંત્ર દ્વારા માત્ર ૨૪ કલાકમાં સકારાત્મક પ્રતિસાદ આપીને ભાડાની સંપૂર્ણ રકમ ઓનલાઈન રિફંડ કરવામાં આવી છે. તે સાથે જ ભવિષ્યમાં આવી અગવડ ન પડે તે માટે ડેપો મેનેજરશ્રીને જરૂરી સૂચનાઓ આપી લેખિતમાં જવાબ પાઠવ્યો છે.
સરકારશ્રી અને એસ.ટી. વિભાગની આ ત્વરિત કાર્યશૈલી અને મહિલા મુસાફરો પ્રત્યેની સંવેદનશીલતા ખરેખર પ્રશંસનીય છે. મુશ્કેલીના સમયે તંત્રએ દાખવેલી આ તત્પરતા બદલ હું 'રતાડીયા જલારામ સખી મંડળ' વતી આપનો હૃદયપૂર્વક આભાર માનું છું.

લિ.,
આદર પૂર્વક,
વિદ્યાર્થીઓ અને વાલીઓ વતી,
*Titixa Thacker*
(તિતિક્ષાબેન પ્રકાશચંદ્ર ઠક્કર)
પ્રમુખ – રતાડીયા જલારામ સખી મંડળ, મુન્દ્રા (કચ્છ)
તારીખ: ૨૪/૧૨/૨૦૨૫

<u>નકલ સવિનય રવાના :</u>
૧. માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૨. નિયામકશ્રી,
GSRTC અમદાવાદ.